માણસ પોતાની રીતભાત, વર્તન અને આચરણથી પોતાનું ભવિષ્ય ઘડે છે
- આરીફ શા

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૫૫ | ૯ મે, ૨૦૧૩, સોમવાર; ચૈત્ર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગરમાં સૌથી વધુ ગરમી

રવિવારના દિવસે મોસમની સૌથી વધુ ગરમી : આખો દિવસ શહેર કરફ્યુગ્રસ્ત બન્યુ : માર્ગો સુમાસામ

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં આજે સૌથી વધુ તાપમાન પાટનગર ગાંધીનગરમાં ૪૩ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે વલ્લભ વિદ્યાનગરમાં ગઈકાલે જેટલું જ આજે ૪૨. ડીગ્રી તાપમાન નોંધાયુંહતું. રાજયના બાકીના શહેરોમાં તાપમાનમાં આંશિક ઘટાડો થતાં લોકોએ રાહત અનુભવી હતી.

સુર્યદેવતાના અત્યંત રૌદ્ર સ્વરૂપનો અનુભવ ગાંધીનગરાઓ કરી રહ્યા છે. રવિવારે મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીએ પહોંચી જતાં નગરના માર્ગો કુદરતે લાદેલા કરફ્યુની અસર હેઠળ આવી એકદમ સુમસામ બની ગયા હતા. મનુષ્ય તો ઠીક એકાદ પશુ - પંખીને શોધવું પણ મુશ્કેલ બની ગયું હતું. ૪૩ ડિગ્રી ગરમી સાથે આજનો દિવસ મોસમનો સૌથી વધુ ગરમ દિવસ રહ્યો હતો.

ગરમી હવે હદ પાર જઈ રહી છે. સહન ન થાય તેવો અત્યંત ઉગ્ર તાપ પડી રહ્યો છે. માથુ ફાડી નાંખે તેવી ગરમીથી વસાહતીઓ ત્રસ્ત બન્યા છે. છેલ્લા અઠવાડિયામાં તો પારો ૪૨ ડિગ્રીની આસપાસ જ ફરી રહ્યો છે. રવિવારે સૂર્યદેવતા વધુ ઉગ્ર બનતા પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. આજે ગરમી સૌથી વધુ પડશે તેવું ગઈ રાતથી જ લાગતું હતું. છેક મોડી રાત સુધી ગરમ પવનોએ વસાહતીઓને હેરાન કર્યા હતા. જરાય ઠંડક અનુભવાઈ ન હતી. તે પછી આજે સવારે સૂર્યોદય સાથે જ ગરમીએ પોતાનો આકરો મીજાજ બતાવવાનું શરૂ કરી દીધું હતું. બપોર સુધી તો તોબા પોકારી ઉઠો તેવી ગરમી પડી હતી. તીવ્ર ગરમીની અસરે જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાંખ્યું

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યભરમાં ગરમીનો આતંક યથાવત

અમદાવાદ, તા. ૫

હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન ૪૧.૫ ડીગ્રી અને લઘુત્તમ તાપમન ૨૫.૨ ડીગ્રી નોંધાયું હતું. એટલે ગઈકાલની સરખામણીમાં તાપમાનમાંએક ડીગ્રીનો ઘટાડો નોંધાયો હતો. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ કલાકે ૬૬ ટકા નોંધાયું હતું. સવારે ભેજનું પ્રમાણ વધુ હોવાને કારણે શહેરીજનોએ ઉકળાટનો અહેસાસ કર્યો હતો.

રાજયમાં સૌથી વધુ ઉષ્ણતામાન ગાંધીનગરમાં ૪૩ ડીગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતા ત્રણ ડીગ્રી વધુ હતું. લઘુત્તમ તાપમાન પણ ૨૭ ડીગ્રી નોંધાતા જેમાં પણ ગાંધીનગર મોખરે રહ્યુંહતું ગાંધીનગર અને વલ્લભવિદ્યાનગરને બાદ કરતા રાજયના અન્ય શહેરોમાં આજે ગરમીમાં સામાન્ય ઘટાડો નોંધાયો હતો. જેમાં મહત્તમ તાપમાન જોઈએ તો ડીસામાં ૩૯ ડીગ્રી, ઈડરમાં ૪૦ ડીગ્રી વડોદરામાં ૩૯.૮ ડીગ્રી, અમરેલીમાં ૪૦ ડિગ્રી, ભાવનગરમાં ૪૧.૬ ડીગ્રી અને રાજકોટમાં ૩૯.૯ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે તાપમાનમાં કાયમ ટોપ પર રહેતા નલીયા, ઈડર, સુરેન્દ્રનગરમાં આ વર્ષે પ્રમાણમાં તાપમાનમાં ઘટાડો થયો છે. કારણ કે નલીયા અને ઈડર દર વર્ષે ૪૩થી ૪૪ ડીગ્રીએ પહોંચી જતું હતું. અને સૌથી વધુ તાપમનમાં રેકર્ડબ્રે નોંધાયું હતું એના બદલે આ વખતે નલીયામાં સરેરાશ ૩૩ ડીગ્રી અને ઈડરમાં ૪૦ ડીગ્રી તાપમાન રહ્યું છે. જ્યારે લીલુછમ ગણાતા ગાંધીનગર અને વિદ્યાનગરમાં સૌથી વધુ તાપમાન નોંધાયું છે.

ગાંધીનગરમાં તાપમાનનો પારો વધતાં ખેડૂતો સારા વરસાદના એંધાણ ગણે છે

ગંગા - જમનાના મેદાનો તપે તેના પરથી વરસાદની આગાહી થતી હોય છે : ગાંધીનગરમાં મેમાં સરેરાશ ૪૦ ડિગ્રી તાપમાનનો પારો રહેતો હોય છે પણ આ વખતે પારામાં સતત ચડાવ - ઉતાર

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લામાં વધતા જતા ગરમી પ્રકોપને ધ્યાને લેતાં આ વખતે વરસાદ સારો થવાની આશા પણ ખેડૂતોમાં ઊભી થવા પામી છે.

જિલ્લા કૃષિ વિભાગના સુત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મે માસમાં સામાન્યતઃ ૪૦ થી ૪૨ ડિગ્રી જેટલું તાપમાન નોંધાતું રહ્યું છે. જોકે આ વખતે મે ના આરંભ પૂર્વે જ ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે.

આમ તો ગરમીના તાપમાનમાં ગંગા - જમનાના મેદાનો કેવા તપે છે તેના પર સૌની નજર રહેતી હોય છે. ગાંધીનગર જિલ્લામાં આ વખતે ઉનાળાના પ્રારંભથી જ તાપમાનનો પારો સતત ઉંચો રહેવા પામ્યો છે અને મે ના પ્રથમ પખવાડિયામાં જ તે બેથી ત્રણ વખત રાજ્યમાં સૌથી વધુ ગરમ દિવસ નોંધાયા છે.

આ વખતે ઠંડીમાં પણ સારો એવો કુદરતનો મિજાજ જોવા મળ્યો હતો. ઠંડી પણ વિકમી પડી હતી. જોકે ગરમીમાં જે રીતે તાપમાનનો પારો સતત ઉચકાતો રહ્યો છે તે જોતકાં આ વખતે વરસાદ સારો થશે તેવી આશા ખેડૂતોમાં બંધાઈ છે.

ખેડૂતો દ્વારા આમ તો વાવણીનો પ્રારંભ અખાત્રીજથી થતો હોય છે. આ વખતે કપાસના પાકનું વિકમી વાવેતર થવાના અંદાજો સાથે તંત્રએ પાક આયોજનની તૈયારીઓ પણ આરંભી દીધી છે.

ખેડૂતો દ્વારા ખેતરોને ખેડીને તપાવવાની કામગીરી હાલ ચાલી રહી

● અનુસંધાન પાન-૭ પર

સચિવાલય સંકુલમાં વાહનો માટે બારકોડેડ પ્રથા અમલી બનશે

હૈદ્રાબાદ બોમ્બ બ્લાસ્ટ બાદ ગુજરાત પોલીસને મળેલ ઈનપુટ્સને આધારે સચિવાલયમાં સલામતિ વધુ જડબેસલાક બનાવાશે

ગાંધીનગર, તા.૫

હૈદ્રાબાદ બોમ્બ બ્લાસ્ટ બાદ ગુજરાત પોલીસની ઈન્ટેલીજન્સ વીંગને મળેલા ઈનપુટ્સને ધ્યાને લઈ સચિવાલય સંકુલની સલામતિને સુદૃઢ બનાવવા માટે હવે સંકુલમાં પ્રવેશતા વાહનો માટે બારકોડેડ પ્રથા અમલી બનાવવામાં આવશે.

સચિવાલય સંકુલની સલામતિ અને પ્રવેશ વ્યવસ્થા મુદે અગાઉ રાજસ્થાન સહિત વિવિધ રાજ્યોના મહત્વના સંકુલોની સલામતિ વ્યવસ્થા અંગે સરકારે અભ્યાસ કરાવ્યો હતો. પ્રાપ્ત થતી વિગતો મુજબ સરકારે પ્રવેશ વ્યવસ્થા માત્ર ગેટ નં.૧ અને છ અને જ ચિમિત કરવાના વિકલ્પ પર વિચારણા હાથ ધરી હતી. જોકે ત્યારબાદ ગેટ નં. ૮ને પણ ખુલ્લો રાખવાનો નિર્ણય લેવાયો હતો.

સચિવાલય સંકુલમાં અનઅધિકૃત વાહનોના પ્રવેશને રોકવા માટે પ્રવેશદ્વારો પર વાહનો માટે બારકોડેડ સ્કીનીંગ મશીનો લગાવવામાં આવશે અને અધિકારીઓ - કર્મચારીઓને તેમના વાહનો માટે બાર કોડેડ સ્ટીકરો આપવામાં આવશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા સમય અગાઉ હૈદરાબાદ ખાતે થયેલ બોમ્બ બ્લાસ્ટ અને આતંકી હુમલાને ધ્યાને લઈ રાજ્યના આઈ.બી.ને મળેલ ઈનપુટને ધ્યાને લઈ સચિવાલય સંકુલની સલામતી વ્યવસ્થા વધુ સુદૃઢ બનાવવા માટે સચિવાલયના પ્રવેશ દ્વારો પર વાહનોના પ્રવેશ માટે બારકોડેડ સ્કીનીંગ મશીનોની વ્યવસ્થા ગોઠવવા માટેની રાજ્યના પોલીસતંત્ર દ્વારા ભલામણ કરવામાં આવી હતી.

આ ભલામણોને પગલા રાજ્ય સરકારે સલામતી વ્યવસ્થાને સુદૃઢ બનાવવા માટે સચિવાલયના પ્રવેશ દ્વારો પર વાહનોના પ્રવેશ માટે બોરકોડેડ સ્કીનીંગ મશીનો લગાવવા માટેનો નિર્ણય લીધો છે. જેના પગલે રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સચિવાલય સંકુલમાં આવેલ તમામ વિભાગોના વડાઓ અને તેમના તાબાની કચેરીઓ, બોર્ડ - નિગમોને કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીઓ - કર્મચારીઓના વાહનોના નંબરોનું રજીસ્ટ્રેશન કરવાની કાર્યવાહી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

તમામ વિભાગો પાસેથી અધિકારીઓ - કર્મચારીઓના વાહનના પ્રકાર, ટુ-વ્હીલર, ફોર વ્હીલર અને તેના નંબરોની વિગતો એકત્રિત કરવામાં આવ્યા બાદ આ નંબરોના બારકોડેડ સ્ટીકરો તૈયાર કરીને અધિકારીઓ - કર્મચારીઓને ફાળવવામાં આવશે અને તેસ્ટીકરો પોતાના વાહનો પર લગાવવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અધિકારીઓ - કર્મચારીઓને તેમના વાહનો માટે ફાળવેલ બારકોડેડ સ્ટીકરોની પ્રવેશદ્વારો પર લગાવવામાં આવનાર સ્કીનીંગ મશીનમાં પણ ફીડ કરવામાં આવશે. જેથી કરીને જે અધિકારીઓ - કર્મચારીઓ પોતાના વાહન સાથે પ્રવેશ કરે ત્યારે તેમના વાહનનો નંબર પ્રવેશ દ્વાર પર ગોઠવવામાં આવનાર સ્કીનીંગ મશીન પર દર્શાવશે, નંબર નહીં દર્શાવે તો તે વાહનને સંકુલમાંપ્રવેશ મળી શકશે નહીં.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલયના પ્રવેશ દ્વારોને રીનોવેટ કરીને સલામતી વ્યવસ્થાને ધ્યાને લઈને આધુનિક સુવિધાઓની સુસજ્જ કરીને નવા બનાવવામાં આવ્યા છે. આ પ્રવેશદ્વારો પર બારકોડેડ સ્કીનીંગ મશીનો લગાડવામાં આવનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તમામ વિભાગો પાસેથી અધિકારીઓ - કર્મચારીઓના વાહનોની વિગતો આવી ગયા બાદ બારકોડેડ સ્ટીકરોતૈયાર કરીને આગામી એક થી દોઢ માસમાં જ આ નવી પ્રવેશ પદ્ધતિનો અમલ સચિવાલય સંકુલમાં શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ પદ્ધતિના કારણે બારકોડેડ સ્ટીકર વગરના કોઈપણ વાહનો સચિવાલય સંકુલમાંપ્રવેશી શકશે નહીં.

STUDY IN GERMANY
- Master in Energy Managment
- Part time job possible
- Admission & Visa Guaranteed
- Free online Interactive Seminar from rector of University on 7th Nov.

Contact us for more info.
Contact : Tvarit Education
Phone : 094260 27933
info@tvariteducation.com
www.tvariteducation.com